**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1**
**AT.AHMEDABAD**
**CRIMINAL CASE NO. 50294/2021**

**order below Exh.1**

(૧) આ કામના આરોપી ઉપર ઇ.પી.કો. કલમઃ૧૮૮ અને એપેડેમિક ડિસીઝ એકટ ૧૯૮૭ની કલમ ૩ મુજબના ગુન્હા સબબનું ચાર્જશીટ પોલીસ એજન્સી દ્વારા કરવામાં આવેલ છે. ક્રિમી.પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમઃ ૧૯૫ તળે ઇ.પી.કો. કલમઃ ૧૮૮ ના ગુન્હાનું સંજ્ઞાન ( Cognizence ) અદાલત કઇ રીતે અને કયારે લઇ શકે ? તેની જોગવાઇ કરવામા આવેલ છે જે નીચે પ્રમાણે છેઃ–

Section :195 Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and for offences relating to documents given in evidence .
(1) No Court shall take cognizance
( a ) ( i ) of any offence punishable under sections 172 to 188 ( both inclusive ) of the Indian Penal Code , (45 of 1860), or
( ii ) of any abetment of , or attempt to commit , such offence , or
( iii ) of any criminal conspiracy to commit such offence, except on the complaint in writing of the public servant concerned or of someother public servant to whom he is administratively subordinate ;
XXXXX ...

(૨) સબબ ઉપરોકત જોગવાઇ વંચાણે લેતા, જે રાજકીય સેવકના લેખીત હુકમ, પરીપત્ર, જાહેરનામાંનો ઇરાદાપુર્વક ભંગ થયેલ હોય તે રાજય સેવક દ્વારા જાતે અગર તેના વહીવટી તાબાના કોઇ અધિકારી દ્વારા જયાં સુધી કોર્ટની અંદર ઇ.પી.કો. કલમઃ ૧૮૮ તળેની ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી અદાલત ઇ.પી.કો. કલમઃ૧૮૮ ના ગુન્હાનું સંજ્ઞાન ( Cognizence ) લઇ શકશે નહિ.

(૩) વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પોતાના ચુકાદા– 2017(0)- AIJEL - HC - 237413: Govardhankumar Thakoredas Vs State of Gujarat ( Supra ) ના ચુકાદામા પ્રસ્થાપીત કરેલ છે કે ,"જો આરોપી વીરુઘ્ધ ક્રિ.પો.કોડ ની કલમઃ ૧૯૫ નો બાધ નડે છે તેવી કલમોના ચાર્જશીટ રજુ થયેલ હોય ત્યારે તેમાં કોગ્નીઝન્સ લેવાની નીચલી અદાલતને સત્તા નથી."

(૪) વધુમા નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પોતાના ચુકાદા– AIR -2012- SC -1747 : Bhushan kumar VS . State ( NCT Of Delhi ) Anr . મા પ્રસ્થાપીત કરેલ છે કે –"પોલીસ રીપોર્ટ ઉપરથી શરૂ કરવામાં આવેલ કેસોમાં એક વખત મેજીસ્ટ્રેટ દ્વારા સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે ત્યારે તે સ્ટેજ ઉપર મેજીસ્ટ્રેટ દ્વારા તે ચાર્જશીટનું કોગ્નીઝન્સ લીધેલ છે તેવું માની શકાય."

(૫) પ્રસ્તૃત ચાર્જશીટ રજુ થયા બાદ આ અદાલત દ્વારા આરોપી વિરૂઘ્ધ કોઇ સમન્સ કાઢવાનો આદેશ કરેલ નથી અને સદરહુ ચાર્જશીટ માત્ર ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો અને સંજ્ઞાન લેવા માટે રાખેલ, સદરહુ કેસની હકીકત વંચાણે લેતા પોલીસ એજન્સી દ્વારા, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાંના ભંગ બદલ હાલનું ચાર્જશીટ રજુ કરેલ છે અને આ કામના ફરીયાદી, પોલીસ અધિકારી છે અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા કે તેના કોઇ વહીવટી તાબાના અધિકારી દ્વારા નામદાર કોર્ટ રૂબરૂ કોઇ ફરીયાદ દાખલ કરેલ નથી તે બાબત સ્પષ્ટ સાબીત થાય છે . ત્યારે આ કામે કરવામાં આવેલ ઇ.પી.કો. કલમઃ ૧૮૮ ની ફરીયાદ કે જે એપેડેમિક ડિસીઝ એકટ ૧૯૮૭ની કલમ ૩ મુજબના ગુન્હો બનવાના કારણે ઉત્પન્ન થયેલ જેને ક્રિમી.પ્રોસીજર કોડ,૧૯૭૩ની કલમઃ ૧૯૫નો સ્પષ્ટપણ બાધ નડે છે તેવુ મારૂ માનવું છે .

(૬) વિશેષમાં Govardhankumar Thakoredas Vs State of Gujarat ( Supra ) ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે પ્રસ્થાપીત કરેલ છે કે – જયારે આરોપી ઉપર ક્રિ.પો.કોડની કલમઃ ૧૯૫ નો

બાધ નડતો હોય તેવા ગુન્હા સાથે અન્ય બાધ નડતો ન હોય તેવા ગુન્હાનો આક્ષેપ પણ મુકવામાં આવેલ હોય અને ત્યારે જો બંને ગુન્હાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય અને બંનેને જયારે જુદા પાડી શકાય તેમ ન હોય ત્યારે આવા પ્રકારના તમામ ગુન્હાઓનું કોગ્નીઝન્સ નીચલી અદાલત લઈ શકે નહિ અને Govardhankumar Thakoredas Vs State of Gujarat ( Supra ) ચુકાદાનો સીંધ્ધાત ધ્યાને લેતા આ અદાલતને આ કેસમાં ગુન્હાનું સંજ્ઞાન લેવાની સત્તા પ્રાપ્ત થતી નથી તેવુ મારૂ માનવુ છે.

(૭) વધુમાં પોલીસ એજન્સી દ્વારા આ કામે, એપેડેમિક ડિસીઝ એકટ ૧૯૮૭ની કલમ ૩ મુજબનું પણ ચાર્જશીટ રજુ કરેલ છે .અને એપેડેમિક ડિસીઝ એકટ ૧૯૮૭ની કલમ ૩ નીચે મુજબ છે.
Any person disobeying any regulation or order made under this act shall be deemed to have committed an offence punishable under section 188 of Indian Penal Code.(45 of 1860)

વધુમાં નામદાર બોમ્બે હાઈકોર્ટનો નાગપુર બેન્ચનો ચુકાદો ક્રિમીનલ મિસી.એપ્લી.૪૫૩/૨૦૨૦, તા.૨૧/૦૯/૨૦૨૦નો વંચાણે લેતાં પણ ઈ.પી.કો. કલમ ૧૮૮ અને એપેડેમિક ડિસીઝ એકટ ૧૯૮૭ની કલમ ૩ ના આક્ષેપ હોય ત્યારે કલમ ૧૯૫ નો બાધ નડે કારણ કે અત્રેની અદાલતમાં કોઈ ફરીયાદ થયેલ નથી.

(૮) સબબ ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા તેમા પણ ક્રિમી.પ્રોસીજર કોડ,૧૯૭૩ની કલમઃ ૧૯૫ માં કરેલ છે તે પ્રકારની જ જોગવાઈ કરવામા આવેલ છે અને પ્રસ્તુત કેસમાં પોલીસ એજન્સી દ્વારા પોલીસ ફરીયાદ દાખલ કરેલ છે અને નામદાર કોર્ટમાં કોઈ ફરીયાદ દાખલ કરેલ નથી. સબબ ઉપરોકત સમ્રગ ચર્ચા ધ્યાનમાં રાખીને, આંકઃ ૧ તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે .

– હુ ક મ –

(૧) આ કેસની કાર્યવાહીને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૯૫ નો બાધ નડતો હોય સબબ આ કેસની કાર્યવાહી પડતી મુકવાનો આદેશ કરવામા આવે છે. આ તબક્કે સ્પષ્ટતા કરવામાં આવે છે કે કાયદા મુજબ પોલિસ અલગથી કાર્યવાહી થવા પાત્ર હોય તો તે કરી શકશે. આ કામે મુદ્દામાલ પોલિસ કાયદા મુજબ પ્રકિયા કરી મેળવી/નાશ થવાનો કે કાયમી હુકમ અદાલતની પરવાનગી મેળવી કરી શકશે.

હુકમ આજરોજ તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ માં સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date .10/07/2021**

**Place :SPECIAL SITTING, AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**